ગાંધીનગર સમાચાર

## બીજા તબક્કાની પંચાયતોની ચૂંટણી ઈવીએમથી કરવામાં આવશે

# વિધાનસભાની ચૂંટણી જૂનમાં યોજાવાનો શંકરસિંહને સંદેહ

### કોંગ્રેસમાં છું, કોંગ્રેસમાં જ રહેવાનો છું : વિપક્ષ કાર્યાલય ભાજપને સોંપી, સામેના કાર્યલયમાં જઈશ : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૪

વડાપ્રધાન આગામી સપ્તાહમાં ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. તેમનો પ્રવાસ પૂર્ણ થાય તેની સાથે જ ગુજરાત વિધાનસભાનું રાજ્ય સરકાર વિસર્જન કરે તેવી પુરી શક્યતા છે. આપા ભાજપામાં જોડાવાના છો



તેવી ચર્ચાઓ અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં શંકરસિંહે જણાવ્યું હતું કે હું વિપક્ષના કાર્યાલયમાં છુ, કોંગ્રેસમાં છુ, કોંગ્રેસમાં જ રહેવાનો છુ અને ચૂંટણી જીતીને આ વિપક્ષોનું કાર્યાલય ભાજપને સોંપીને સામેના કાર્યાલયમાં જવાનો છુ.

ગુજરાત વિધાનસભાનું વિસર્જન સરકાર કરે તેવી શક્યતા હોવાનું જણાવીને વિપક્ષી નેતા શંકરસિંહે ફરી એકવાર ગુજરાતમાં વહેલી ચૂંટણી આવશે તેવો સંદેહ વ્યક્ત કર્યો હતો.

આજે એક પત્રકાર પરિષદને સંબોધતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ એવો સંદેહ વ્યક્ત કર્યો હતો કે વડાપ્રધાન ગુજરાતનો પ્રવાસ ટુંકમાં કરવાના છે એ પ્રવાસ પૂર્ણ થતા જ

વિપક્ષી નેતા શંકરસિંહે ભાજપમાં તેઓ જવાના હોવાની વાતનો છેડ ઉડાડતા સ્પષ્ટ જણાવ્યું હતું કે હું કોંગ્રેસમાં છું અને ચૂંટણી જીતાડીશ.

ભાજપના સ્થાપના દિન અંગે પૂછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે અત્યારની ભાજપ અને જનસંઘ એ કોમર્શીયલ પક્ષ બની ગઈ છે. અત્યારની કોંગ્રેસને પણ સારી કહેવડાવે તેવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે અત્યારે ચૂંટણી પંચના અધિકારીઓ ગુજરાત આવે છે અને તૈયારીઓ શરૂ કરી છે. તેના પરથી ચૂંટણી વહેલી લાવે તેવી શક્યતા છે. બાકી અત્યારે ગુજરાત આવવાનું કોઈ કારણ નથી.

# સાત રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના નિર્માણની કામગીરી ઝડપથી પૂરી કરો : ડીડીઓ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં અધુરા રહેલા રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના ૭ કામ ઝડપથી પૂર્ણ કરવા માટેના આદેશો આજે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આપ્યા છે.

આજે તાલુકા વિકાસ અધિકારીઓની યોજાયેલ રિવ્યુ બેઠકમાં આ પ્રશ્ને વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ જિલ્લા વિકાસ અધિકારીએ ખાતરી આપી હતી કે અધુરા કામો ઝડપથી કાર્યાન્વીત થાય તે માટે તેઓ જરૂરી કામગીરી કરશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૦૯ ગામોમાં રાજીવ ગાંધી સેવા કેન્દ્રો બનાવવા માટેની વહીવટીય મંજૂરી આપી દેવામાં આવી હતી. આ પૈકી ૩૯ સેવા કેન્દ્રોના નિર્માણની કામગીરી સંપન્ન થઈ જવા પામી છે.

સાત સેવા કેન્દ્રોમાં કામ પ્રગતિ હેઠળ હતા પરંતુ તે બંધ કરી દેવાયા છે. આ કામો ઝડપથી પૂર્ણ કરી દેવામાં આવે તે માટેના આદેશો આજે આપવામાં આવ્યા છે. મનરેગા હેઠળ આ કામો હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૫૭ જેટલા ગામોમાં હજુ આ કામ શરૂ થયા જ નથી. આ માટેની વહીવટીય મંજૂરી અપાયા બાદ કામ કેમ શરૂ થયા નથી તે અંગેનો વિસ્તૃત અહેવાલ પણ દિન-૭માં આપવા માટે તાલુકા વિકાસ અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે.

૬ કામોની વહીવટીય મંજૂરી ગ્રામ વિકાસ એજન્સીએ જ રદ કરી હતી. આમ હવે, ગાંધીનગર જિલ્લામાં અધુરા રહેલા રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના કામ ઝડપથી પૂરા કરવાની સૂચના આપી દેલાઈ છે.



પાટનગરમાં ફુલોના ગરબા - સાધન-સુવિધાથી મઘમઘતા પાટનગરમાં શ્રદ્ધા અકબંધ છે... ગ્રામીણ સંસ્કૃતિ અકબંધ છે... ચૈત્રી નવરાત્રિના અંતિમ ચરણમાં ઉત્તર ગુજરાતમાં યોજાતા ફુલોના ગરબાનું વંદનીય દશ્ય ગાંધીનગરમાં નિહાળવા મળ્યું... સેક્ટર-૫ના કલેહર માતાજીના દ્વિતિય પાટોત્સવ પ્રસંગે માતાજીના ગરબાની રમઝટ જામી હતી... માતાજીની અપાર ભક્તિનો માહોલ છવાયો હતો.... યુવાન ભાઈઓ માતાજીના ફુલના ગરબા માથે લઈને ઘુમ્યા હતા....

# બીજા તબક્કાની પંચાયતોની ચૂંટણી ઈવીએમથી કરવામાં આવશે

### ચૂંટણી પ્રચાર ઝુંબેશ ચરમસીમાએ; તંત્રની તૈયારીમાં પણ ગતિ આવી : ૨૦ ગામો આ જંગ માટે સંવેદનશીલ

ગાંધીનગર, તા. ૪

જિલ્લામાં ૮મી એપ્રિલે યોજાનારી પંચાયોતની બીજા તબક્કાની ચૂંટણીની પ્રચાર ઝુંબેશ ચરમસીમાએ પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં રાત્રિ બેઠકોનો ધમધમાટ વધી જવા પામ્યો છે. આ જંગ ઓછા ગામમાં હોવાથી ઈવીએમથી મતદાન યોજવામાં આવનાર છે.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીમાં મિત્રમંડળની રાજનીતિની અનોખી પ્રયોગશાળા તરીકે પંકાયેલા કલોલ અને માણસા તાલુકામાં આ ચૂંટણી જંગ ખૂબ જ રસપ્રદ બન્યો છે. બન્ને તાલુકામાં વિદેશમાં રહેતા ગ્રામવાસીઓ પણ આ ચૂંટણીને લઈ ગામમાં આવ્યા હોઈ વાતાવરણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

આ બીજા તબક્કાની ચૂંટણી સાથે ૯૮ વોર્ડ મેમ્બરોની પેટા ચૂંટણી પણ યોજાઈ રહી છે. બીજા તબક્કાની ચૂંટણીમાં ૪૭૪ વોર્ડ બિનહરિફ થયા છે. કુલ ૮૨૦ વોર્ડ તેમજ ૮૯ ગ્રામ પંચાયતોની ચૂંટણી બીજા તબક્કામાં હતી જે ઉલ્લેખનીય છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં ૪૩ ગ્રામ પંચાયતોમાં ૧૫૪ ઉમેદવારોએ સરપંચપદ માટે અને ૫૫૦ વોર્ડ બેઠકો માટે ઉમેદવારી નોંધાવી છે.

માણસા તાલુકામાં ૨૩ ગામોમાં સરપંચપદ માટે ૭૯ ઉમેદવારો અને વોર્ડ બેઠક માટે ૨૭૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

દહેગામ તાલુકાની ૪ ગામોની ચૂંટણીમાં સરપંચ પદ માટે ૧૭ ઉમેદવારોએ અને વોર્ડ બેઠક માટે ૬૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ગાંધીનગર તાલુકાની એક માત્ર પાલજ ગ્રામ પંચાયતમાં સરપંચ પદ માટે જ ચૂંટણી યોજાવાની છે જ્યારે વોર્ડ બેઠકો બિન હરિફ થઈ છે. સરપંચપદ માટે ૩ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાવાનો છે.

આ ચૂંટણી માટે પંચે ૨૭૩ મતદાન મથકો નિયત કરેલ છે જે

● અનુસંધાન પાન-૭ પર

# મનપા વોર્ડ-૧ અને ૪નો સેવાસેતુ કાર્યક્રમ ૭મી એપ્રીલે યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બીજા તબક્કાનો સેવાસેતુ આગામી ૭મી એપ્રિલથી આરંભાશે.

મનપાનો પ્રથમ સેવાસેતુ કાર્યક્રમ વોર્ડ નં. ૧ અને વોર્ડ નં. ૪નો સે. ૨૭ના રંગમંચ ખાતે યોજવાનો નિર્ણય આજે મનપા દ્વારા લેવામાં આવ્યો છે. આ સેવાસેતુ કાર્યક્રમમાં વ્યક્તીલક્ષી સેવાઓ અંગેની ફરિયાદો રજુ થઈ શકશે.

રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંઘની આજે સેવાસેતુ કાર્યક્રમ અંગે યોજાયેલ વિડીયો કોન્ફરન્સ પછી તુરત જ મનપાના અધિકારીઓની મળેલ બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં મેયર પ્રવિણ પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, પ્રભારી સચિવ સંજીવકુમાર, પ્રભારી મંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણી સહિતના અગ્રણીઓ હાજર રહેનાર છે. ૭મીએ યોજાનાર સેવાસેતુ કાર્યક્રમને લઈ તંત્રએ તેની તૈયારીઓ આરંભી દીધી છે. આ સેવાસેતુ કાર્યક્રમની સાથે સાથે આધારકાર્ડ, જનધન યોજના અંગે બેંકોના પણ ખાસ સ્ટોલ્સ ઉભા કરવામાં આવનાર છે.

મહાનગરપાલિકામાં એક સેવાસેતુ કાર્યક્રમમાં બે વોર્ડનો જ સમાવેશ કરવા માટેની કડક તાકીદ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે. આ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન ડે. મ્યુનિ. કમિશનર કક્ષાએથી કરવામાં આવશે.

ચૂંટણી આવી રહી હોવાથી રેશનકાર્ડમાં સુધારો, નવા મતદારોની નોંધણી, પ્રોપર્ટી ટેક્ષના બિલો સહિતની બાબતો અંગે આ કાર્યક્રમમાં રજુઆતો થઈ શકશે.

# આવતીકાલે ઐતિહાસિક દાંડીયાત્રાની રેલીનું આયોજન

અમદાવાદ, તા.૪

૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ વહેલી સવારે મહાત્મા ગાંધીજીની આગેવાની હેઠળ ઐતિહાસિક દાંડીયાત્રાની શરૂઆત સાબરમતી આશ્રમથી શરૂ થઈ નવસારી જીલ્લાના દાંડી ગામ ખાતે તા. ૬ એપ્રિલના રોજ સમાપન થયેલ. વિશ્વની અહિંસક ક્રાંતિમાં જેની ગણના થાય છે તે ઐતિહાસિક દાંડીયાત્રા દ્વારા મહાત્મા ગાંધીએ દુનિયાને સત્ય અને અહિંસાનો માર્ગ બતાવ્યો છે. ઐતિહાસિક દાંડીયાત્રાની ૮૭મી સ્મરણાંજલી સમાપન દાંડીયાત્રા નિમિત્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના મુખ્ય સંગઠક મંગલસિંહ સોલંકીના નેતૃત્વમાં તા. ૬ એપ્રિલના રોજ સવારે ૮ કલાકે સમાપન પદયાત્રા રેલીનું આયોજન કરવામાં આવેલ છે. આ સમાપન પદયાત્રા નવસારી જીલ્લામાં આવેલ મટવાડ ગામ, પીઠાવાલા સ્ટેડીયમમાં સામુહિક ધ્વજવંદન કાર્યક્રમ બાદ શહીદ સ્મારકને સુત્તરની આંટી પહેરાવી, સ્મરણાંજલિ આપી પદયાત્રા શરૂ કરી ગામ દાંડી મહાત્મા ગાંધીની પ્રતિમાને સુત્તરની આંટી પહેરાવી ગાંધી વિચારધારાની પ્રતિજ્ઞા લઈને સર્વધર્મના પ્રતિક રૂપ વિશાલ વડલા પાસે પૂજ્ય મહાત્મા ગાંધીજીના પ્રિય ભજનો સામુહિક કર્યા બાદ પદયાત્રા પૂર્ણ થશે.

# રાજયમાં ખેડૂતની આવક વધારવા કૃષિ મહોત્સવ યોજાશે

અમદાવાદ, તા.૪

કૃષિ સંસ્કૃતિ અને કૃષિ વિજ્ઞાનના સમન્વય અને કૃષિ ક્ષેત્રે આધુનિક, વૈજ્ઞાનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ખેડુતની આવક બમણી કરવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે રાષ્ટ્રને આહવાન આપ્યું છે ત્યારે રાજયમાં આગામી દિવસોમાં યોજાનાર કૃષિ મહોત્સવ-૨૦૧૭નું થીમ પણ ખેડુતની આવક બમણી કરવા પણ આધારિત રાખીને કૃષિ મહોત્સવ-૨૦૧૭નું આયોજન કૃષિ વિભાગ દ્વારા થઈ રહ્યું છે. આ સંદર્ભમાં મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની વિશેષ ઉપસ્થિતિ સાથે કૃષિમંત્રી ચીમનભાઈ સાપરિયા અને કૃષિ અગ્ર સચિવ સંજય પ્રસાદ અને કૃષિ વિભાગના સંબંધિત ઉચ્ચ અધિકારીઓની બેઠક આજે મળી હતી. આ બેઠકમાં મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ખેડુતની આવક બમણી કરવા માટે ખાસ કરીને ટકાઉ ખેતીની ટેકનોલોજીનો મહત્તમ પ્રસાર આગામી કૃષિ મહોત્સવમાં થાય તેની આવશ્યકતા ઉપર ભાર મુક્યો હતો.

કૃષિ મંત્રી ચીમનભાઈ સાપરિયાએ પણ આગામી કૃષિ મહોત્સવમાં ખેડુતની આવક બમણી કરવાના વિવિધ કરવાના વિવિધ ઉપાયો અને તે સંબંધિત કરાયેલા આયોજનની વિસ્તૃત છણાવટ કરી હતી.

બેસણું



અમારા પુજ્ય પિતાશ્રી **ત્રિકમભાઈ હરજીભાઈ બેરા** **(ટી.એચ.પટેલ-કોન્ટ્રાક્ટ,પાવર હાઉસ)** નું તા. ૩-૪-૧૭ના અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૬-૪-૧૭ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક સુધી** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, સેક્ટર-૧૨, ગાંધીનગર**

મનોજભાઈ ટી. પટેલ (નિર્મલા ટાયર્સ)
સિમ્કાબેન એમ. પટેલ
રીચા મનોજભાઈ પટેલ
આયુષ મનોજભાઈ પટેલ
મનસુખભાઈ વૃજલાલ ગુંજારીયા (બનેવી)
દક્ષાબેન મનસુખભાઈ ગુંજારીયા (બહેન)
મૃગેશભાઈ ત્રિવેદી (બનેવી)
વંદના મૃગેશ ત્રિવેદી (બહેન)

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
જાહેરાત
માટેનું
અસરકારક
માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

STARTS FROM
1ST MAY 2017
Infocity Club & Resort
SUMMER CAMP
Following are the rates for summer camp -30 days, starting from 1st may 2017:-
1. Swimming:- Rs 2500/
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm
4. Football:- Rs 1200/-
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
2. Lawn Tennis:- Rs 1500/-
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm
3. Cricket:- Rs 1500/-
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
TENNIS SWIMMING CRICKET FOOTBALL
TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES
For More Info Call : +91 99099 06372 / +91 96380 85711
* Terms & Conditions Apply
Infocity Club & Resort, Indroda Circle, S.G. Highway, Gandhinagar
Call : 079 23213111/ 22/ 33/ 44/ 55, M:+91 99099 06372
www.infocityclub.net

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com